બિડાણઃ– સેકશન અધિકારીશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ–૧૦૨૦૧૩–૧૨૬–ચ, તા.૨૬/૧૨/૨૦૧૩

**વિષયઃ– અપંગ તાલીમ અને પુનઃવર્સન ઉદ્યોગ ભવન, નવસારી ને વિના ટેન્ડરે ખરીદીની સંસ્થા તરીકેની માન્યતા આપવા બાબત....**

............................................................................................................

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૨/૧૨૫૭-૩૦૬/૨૦૧૪, નવસારી તા.૨૪/૦૧/૨૦૧૪

સામેલઃ– ઉપર મુજબ

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનઃ–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

અપંગ તાલીમ અને પુનઃવસન ઉદ્યોગ ભવન,
નવસારીને વિના ટેન્ડરે ખરીદીની સંસ્થા તરીકેની
માન્યતા આપવા બાબત

કાયમી વિભાગ ન.ઉ.ખ.
જ.ઈ.નં. 388
તા. 16 JAN 2014
એસપીઓ-૩ શાખા

ગુજરાત સરકાર,
ઉધોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૨૦૧૩-૧૨૬-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૬-૧૨-૨૦૧૩

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૧૮૦-૪૩૫૮-ચ, તા.૧૧-૮-૧૯૮૩
(૨) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૯૬-૬૩૦-ચ, તા.૨૬-૧૧-૧૯૮૩
(૩) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૮૬-૧૨૨૯-ચ, તા.૭-૫-૧૯૮૮
(૪) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૨૦૧૧-૩૨૪૧-ચ(પાર્ટ-૩), તા.૨૮-૧૧-૨૦૧૧
(૫) ઉધોગ અને ખાણ વિભાગનો સુધારો ક્રમાંકઃ-એસપીઓ-૨૦૧૧-૩૨૪૧-ચ(પાર્ટ-૩), તા.૧૯-૧૨-૨૦૧૧
(૬) ઉધોગ કમિશ્નરશ્રીનો પત્ર ક્રમાંકઃ-એસપી- વિના ટેન્ડરે-માંન્યતા-૪૮-ટ્રા.નં.૧૨૬, તા.૩-૧૨-૨૦૧૩

<u>આમુખ</u>

આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) સામેના તા.૭-૫-૮૮ના ઠરાવથી અંધ અપંગ અને શારીરિક ખોડખાંપણ ધરાવતા લોકોની બનેલી સંસ્થાઓમાં ઉત્પન્ન થયેલ વસ્તુઓની વગર ટેન્ડરે ખરીદી થઇ શકે તે માટે આવી સંસ્થાઓને માન્યતા આપવાનું ઠરાવવામાં આવેલ છે.

અપંગ તાલીમ અને પુનઃવસન ઉદ્યોગ ભવન, દાંડી રોડ, વિજલપોર, નવસારી દ્વારા આસનપટ્ટા, શેતરંજી, પ્રીન્ટીંગ,બાઈંડીંગ,વણાટ,સીવણ અને હસ્તકલાને લગતી વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૪) અને (૫) સામેના ઠરાવ/સુધારાથી આ સંસ્થાને તાઃ૧૩-૧૦-૨૦૧૦ થી તાઃ૧૨-૧૦-૨૦૧૩ સુધી ઠરાવમાં જણાવેલ શરતોને આધીન વગર ટેન્ડરે ખરીદીની સંસ્થા તરીકેની માન્યતા આપેલ હતી. ત્યારબાદ ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ(૬) સામેની દરખાસ્ત સંદર્ભે આ સંસ્થાની વગર ટેન્ડરે ખરીદીની સંસ્થા તરીકેની મુદત વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ</u>

અપંગ તાલીમ અને પુનઃવસન ઉદ્યોગ ભવન, દાંડી રોડ, વિજલપોર, નવસારીને આ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-એસ.પીઓ-૧૦૮૬-૧૨૨૯-ચ, તા.૭-૫-૧૯૮૮ના જોડાણમાંના પરિશિષ્ઠ-૨માં દર્શાવેલ યાદીમાં સમાવિષ્ઠ વસ્તુઓની નીચે જણાવેલ શરતોને આધીન વગર ટેન્ડરે ખરીદીની સંસ્થા તરીકેની માન્યતા આપવામાં આવે છે.

[૧] આ માન્યતા તા.૧૩-૧૦-૨૦૧૩ થી તા.૧૨-૧૦-૨૦૧૫ સુધી પશ્ચ્યાદવર્તી અસરથી એટલે કે બે વર્ષ માટે આપવામાં આવે છે.

[૨] સંસ્થા પોતે ઉત્પાદન કરતી હોય તે વસ્તુઓ પૂરતો જ આ લાભ મળવાપાત્ર થશે.

A.3.2
16/1/14
upload on website

16 JAN 2014

[૩] ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ/૧૦૮૬/૧૨૨૯/ચ, તા.૭-૫-૧૯૮૮ના ઠરાવની જોગવાઇઓનું સંસ્થાએ સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

[૪] સંસ્થા દ્વારા સરકારી કચેરીઓને જે માલ સામાન પૂરો પાડવામાં આવે તે અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરેલું પ્રમાણપત્ર સંસ્થાએ દર વર્ષે સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

[૫] સંસ્થાનો ઓડીટ વર્ગ-અ હોય તો જ સંસ્થાને આ હુકમો હેઠળ લાભ મળવાપાત્ર થશે.

[૬] સંસ્થાને આ ઠરાવથી આપવામાં આવતી માન્યતા આ વિભાગના તા.૨૩-૯-૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ/૧૦૯૫/૨૬૩૬(૯૭)/ચ ની કેટેગરી-૨ હેઠળની ,ગણાશે અને તે કેટેગરી માટે નિયત થયેલ નાણાંકીય મર્યાદા અને તે માટેની ખરીદપધ્ધતિની જોગવાઇ અનુસારની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૧૨-૨૦૧૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Kamlesh

(કમલેશ મકવાણા)
સેકશન અધિકારી
ઉધોગ અને ખાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

-માન. મંત્રીશ્રી,(ઉધોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- અધિક ઉધોગ કમિશ્નરશ્રી (સ.ખ.), ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ./ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો, [વિભાગ હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/ નિગમો/કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ]
- ઉધોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ/ખાતાના વડાઓ/બોર્ડો/નિગમો.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજય, બ્લોકનં.-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી,(ઉ.અને ખા.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- અપંગ તાલીમ અને પુનઃવસન ઉધોગ ભવન, દાંડી રોડ, વિજલપોર, નવસારી
- કલેકટરશ્રી, નવસારી /જીલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી
- જનરલ મેનેજરશ્રી, જીલ્લા ઉધોગ કેન્દ્ર, નવસારી
-કોમ્પ્યુટર સેલ, ઉધોગ અને ખાણ વિભાગ (વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ)

આ.જા. ૩૩
તા ૩૦/૧૨/૨૦૧૩

30-12-13